IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ભરુચ શહેરના માધ્યમિક શાળાના વિધ્યાર્થીઓના શિક્ષણ સંદર્ભે શાળા વાતાવરણનો અભ્યાસ

દિવ્યાબેન મનહરભાઈ રાણા
રિસર્ચ સ્કોલર
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત

ડૉ.પ્રીતિ.જે.ચૌહાણ
આચાર્ય
R.K.Desai College Of Education,Vapi

- **સારાંશ**

પ્રસ્તુત સંશોધનનો હેતુ વિધ્યાર્થીઓના શિક્ષણમાં શાળા વાતાવરણની અસરકારકતા અને તે અંગે વિધ્યાર્થીઓના દૃષ્ટિકોણ જણાવવાનો હતો. આ માટે સંશોધકો ભરુચ શહેરની માધ્યમિક શાળાઓના ૧૦૦ વિધ્યાર્થીઓની સહેતુક નમૂના પસંદગી કરી હતી. માહિતી એકત્રીકરણ માટે ઉપકરણ તરીકે સ્વરચિત અભિપ્રાયાવલીની રચના કરવામાં આવી હતી. જેમાં ૩૦ કલમોના સંમત,તટસ્થ,અસંમત એમ ત્રણ બિંદુમાં અને ત્રણ મુક્ત જવાબી પ્રશ્નોના જવાબ આપવાના હતા. જેનું અનુક્રમે સર્વેક્ષણ પદ્ધતિથી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેના તારણો આ મુજબના હતા. શાળા વાતાવરણમાં ભૌતિક સગવડો તેમજ માનવીય પરિબળોથી વિધયાકીય પરિબળ ગતિશીલ બને છે. વિધ્યાર્થીઓના જીવનને ચારિત્ર્યશીલ,પરિશ્રમી અને આકર્ષક બનાવવામાં શાળાકીય પર્યાવરણનું યોગદાન સવિશેષ છે. જે સંશોધકનો સંશોધન માટેનો હકારાત્મક દૃષ્ટિકોણ રહિયો છે.

- **પ્રસ્તાવના**

તમસો માં જ્યોતિર્ગમય-ઊંડા અંધારેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા. આ ઉક્તિ પ્રમાણેનું કાર્ય એ ખરેખર શિક્ષકના હાથમાં સોંપાયેલું છે. શિક્ષક એ ભાવિ નાગરિક ઘડવાનું અતિ મહત્વનું કાર્ય કરે છે.આજના યુગમાં પણ સમાજને શિક્ષકો પાસેથી ઘણી અપેક્ષાઓ છે.શિક્ષકે પોતે સર્વોતમ બનવું પડશે. આવા આદર્શ શિક્ષકોનું નિર્માણ કરવાનું કામ શિક્ષક-પ્રશિક્ષક સંસ્થાઓ વિધ્યાર્થીઓને સારું અને સાચું શિક્ષણ આપી સમાજનો જીર્ણોદ્ધાર કરે છે.

"Education is the Complete Development Of Individual So That He Can Make On Original Contribution To Human Life According To His Best Capacity"

ટૂંકમાં,આમ કહી શકાય કે બાળકો શાળામાં પ્રવેશ મેળવે એ માટે શાળાકીય પર્યાવરણ સુવિધા યુક્ત બનશે. પરંતુ,જે આજે બગીચા,સિનેમાગૃહ,હોટલો આકર્ષિત કેન્દ્રો છે. જેના સ્થાને શાળાને આકર્ષિત બનાવીએ તો જ બાળકોને શાળામાં ભણવું ગમશે.વિધ્યાર્થીઓના શિક્ષણ સંદર્ભે શાળા વાતાવરણ યોગ્ય મળે છે કે કેમ?તેનો પ્રસ્તુત સંશોધનમાં ઉલ્લેખ કરવામાં આવે છે. વિધ્યાર્થીઓને શાળાકીય વાતાવરણ વિધ્યાલક્ષી છે?તેનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.જેમાંથી મળતા ઉત્તરો આપવાને વિધ્યાર્થીઓને શાળાકીય વાતાવરણની અસરકારકતાથી માહિતગાર કરવો અને આ હિતનો અભ્યાસ ભાવિ પેઢી માટે ઉપયોગી બનશે તેવી આશા ચૌકક્સ છે.

- **અભ્યાસ કથન**

  પ્રસ્તુત અભ્યાસનું સમસ્યા શીર્ષક આ મુજબ હતું .
  ભરુચ શહેરના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના શિક્ષણ સંદર્ભે શાળા વતાવરણનો અભ્યાસ
- **સંશોધનના હેતુઓ**

  પ્રસ્તુત અભ્યાસ નીચે જેવા હેતુસર હાથ ધરાયો હતો.
  ૧. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પડતી સમસ્યાઓ વિશે અભિપ્રાય મેળવવા.
  ૨. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પડતી સમસ્યાઓ દૂર કરવાના ઉકેલો મેળવવા.
  ૩. ભરુચની માધ્યમિક શાળાના આચાર્યના વર્તનનો અભ્યાસ.
- **અભ્યાસના પ્રશ્નો**

  ૧. માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓને કઇ-કઇ સમસ્યાઓ આવે છે?
  ૨. માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓને પડતી સમસ્યાઓ દૂર કરવાના ઉકેલો ક્યાં હોય શકે?
  ૩. ભરુચની માધ્યમિક શાળાના આચાર્યના વર્તન વિધ્યાર્થી સાથે કેવા હશે?
- **અભ્યાસનું મહત્વ**

  ૧. શાળાના આચાર્યશ્રી વિધ્યાર્થીઓની સમસ્યાથી અવગત થાય.
  ૨. માધ્યમિક શાળાના સંચાલકો ભૌતિક સુવિધાઓથી અવગત થાય.
- **અભ્યાસનું સીમાંકન**

  -ભરુચ શહેરની માધ્યમિક શાળાઓ પૂરતો જ મર્યાદિત રહેશે.
  -ભરુચ શહેરની માધ્યમિક શાળાના વિધ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવશે.
  -ભરુચ શહેરની માધ્યમિક શાળાના ૧૦૦ વિધ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે.
- **વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**
- પ્રસ્તુત અભ્યાસ માટે ભરુચ શહેરની માધ્યમિક શાળાના વિધ્યાર્થીઓ વ્યાપવિશ્વ બનશે અને વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ ધરાવતા નમૂનામાં ૧૦૦ વિધ્યાર્થીઓનો યાદરિછક નમૂના પસંદગી પધ્ધતિ વડે પસંદગી કરવામાં આવશે.
- **અભ્યાસની પધ્ધતિ**

  પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે વર્ણનાત્મક સંશોધક પધ્ધતિએ હાથ ધરાયું હતું. જેમાં સર્વેક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.
- **ઉપકરણની પસંદગી અને સંરચના**

  પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પડતી સમસ્યાઓ જાણવાના હેતુસર સ્વરચિત અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં વિભાગ-અ માં શૈક્ષણિક સાધનો સંબંધિત,આર્થિક સંબંધિત,ભૌતિક સંબંધિત,આચાર્યો સંબંધિત સંબંધિત,પાઠ્યપુસ્તક સંબંધિત. વિભાગ-બ માં ત્રણ મુક્ત જવાબી પ્રશ્નો મૂકવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ પ્રશ્ન સૌથી વિશેષ પડતી ત્રણ સમસ્યાઓ જાણવા સંબંધિત. બીજો પ્રશ્ન આ સમસ્યાના ઉકેલ શા હોય શકે?ત્રીજો પ્રશ્ન વિધ્યાર્થીઓ શિક્ષકો પ્રત્યે વર્તનલક્ષી સમસ્યા. તે અંગેના પ્રશ્નો હતા.
- **માહિતી એકત્રીકરણની રીત**

  નિયત ઉપકરણની રચના બાદ વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ શાળાના વિદ્યાર્થીઓને સ્વ-રચિત કસોટી આપવામાં આવી અને કસોટી ભરી આપવાની વિનંતી કરવામાં આવી હતી. અભિપ્રાયો કસોટી પત્રકમાં મેળવ્યા હતા.
- **અંક શાસ્ત્રીય પૃથક્કરણની રીત**

  પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલી દ્વારા મેળવેલી માહિતીનું વિશ્લેષણ કરવા માટે કાઈવર્ગ ને આધારે અગ્રતાક્રમ આપી તારણોની પસંદગી કરવામાં આવી હતી.
- મુક્ત જવાબી પ્રશ્નોમાં સવિશેષ પડતી સમસ્યાઓના ઉકેલ જાણવાના હતા. ઉત્તરમાં એકસમાન પુનરાવર્તન થતી બાબતોની આવૃતિ વિતરણ કરી નોંધવામાં આવી હતી.
- **અભ્યાસના તારણો**

  માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના શિક્ષણ સંદર્ભે શાળા વાતાવરણની સમસ્યા ઓમ પ્રાપ્ત થયેલા અભિપ્રાયોના અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન પર આધારિત મુખ્ય તારણો નીચે પ્રમાણે છે.

  **શૈક્ષણિક સાધનો સંબંધિત સમસ્યાઓ**

  ૧)વિધ્યાર્થીઓને આધુનિક ટેકનિકનો ઉપયોગ કરવા મળતા નથી.
  ૨)વિધ્યાર્થીઓને માઇક્રો ફિલ્મ કે ટેલિવિઝન જેવા શૈક્ષણિક પ્રસાધનો શાળામાં ઓછા જોવા મળે છે.

**આર્થિક સંબંધિત સમસ્યાઓ**

૧)વિધ્યાર્થીઓને શાળાની ફી વધુ હોવાથી આપવામાં મુશ્કેલી લાગે છે.
૨)વિધ્યાર્થીઓને ટ્યુશન ખર્ચમાંથી મુક્ત કરવામાં આવે .

**ભૌતિક સંબંધિત સમસ્યાઓ**

૧)વિધ્યાર્થીઓને શાળામાં રમત ગમતના સાધનો પૂરતા મળતા નથી.
૨)શાળામાં વિધ્યાર્થીઓ માટે પ્રયોગશાળા,એસેમ્બલી ખંડ અધ્યયન માટે અભાવ સર્જાય છે.

**આચાર્ય સંબંધિત સમસ્યાઓ**

1)શાળામાં આચાર્ય બાળકોના વિધયાકીય વાતાવરણ કરતાં પોતે અભિમાની હોવાનો દોર કરે છે.
૨)શાળામાં આચાર્યથી કેટલાક બાળકોને ડર લાગે છે.

**પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યા**

૧)શાળામાં પુસ્તકાલયનો અભાવ છે.
૨)બાળકોને મનગમતા પુસ્તકો વાંચવા માટે મળતા નથી.

**મુક્ત જવાબી પ્રશ્નાવલીમાં પ્રાપ્ત થયેલા ઉત્તરોના આધારે તારણો**

**વિધ્યાર્થીઓને પડતી સમસ્યાઓના ઉકેલો**

- શાળા સિટી વિસ્તારમાં હોવાથી શાળા વાતાવરણ ઘોંઘાટમય લાગે છે.
- શિક્ષક-વિધ્યાર્થી ના સંબંધો પ્રેમાળ ન હોવાથી તિરસ્કાર જન્મે છે.
- શાળામાં પૂરતી સગવડ ના હોવાથી શિક્ષણ રસમય બનતું નથી

**વિધ્યાર્થીઓને પડતી સમસ્યાઓના ઉકેલો**

- શાળા શાંત જગ્યાએ સંચાલિત હોય તો શિક્ષણ સારું મેળવી શકાય.
- શિક્ષક-વિધ્યાર્થી ના સંબંધો પ્રેમાળ હોય તો કોઈ સમસ્યા જન્મતી નથી.
- શાળામાં બાળકોને બધી સગવડ આપવામાં આવે તો બાળક ભણી શકે છે .

**અભ્યાસના ફલિતાર્થો**

- શાળામાં પુસ્તકાલય હોવા જોઇએ.
- વિધ્યાર્થીઓને મનગમતા પુસ્તકો મળે તેવી વ્યવસ્થા હોવી જોઇએ .
- શાળામાં શૈક્ષણિકસાધનો વસાવવા જોઇએ.
- શાળામાં સ્માર્ટ બોર્ડનો ઉપયોગ કરવા જોઇએ.
- શિક્ષકોએ શિક્ષણ કાર્ય દ્રશ્ય-શ્રાવ્ય સાધનો વડે અધ્યાપન કરાવવું જોઈએ.
- શાળાની ફી વિધ્યાર્થી માટે ઓછી રકમની ભરી શકે તેવી હોવી જોઇએ

**સંદર્ભસૂચિ**

૧)પટેલ,આર.એસ(૨૦૦૮)."શિક્ષણમાં સંશોધન."પાર્ટ-૧-૨ ૧૦૨-૧૦૩ કામધેનુ ફ્લેટ્સ,મહાદેવવાડી,ઓગણજ,અમદાવાદ.
૨)આચાર્ય મોહિની (૨૦૦૮),શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર,અક્ષર પબ્લિકેશન,અમદાવાદ.
૩)ઉચાટ,ડી.એ.(૨૦૦૯),શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર,શિક્ષણશાસ્ત્ર ભવન,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ.
૪)રાવળ એન,શાળા સંગઠન વ્યવસાય,નીરવ પ્રકાશન.